# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૩૯ તા.૨૨-૦૩-૨૦૨૧

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

વિષયઃ- Digital Gujarat Portal પર SC/ST/SEBC/EBC/NT-DNT/Minority જ્ઞાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃતિ યોજનાનો અમલ કરવા બાબત.

સંદર્ભઃ- (૧) શિક્ષણ વિભાગનો પત્ર ક્રમાંક :- બજેટ/૨૦૨૦-૨૧/૧૨૬/વ તા.૧૫-૦૩-૨૦૨૧

(૨) ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૧/૨૪૫૬-૨૫૪૪ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીનો તા.૧૮-૦૩-૨૦૨૧નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ગાંધીનગરના તા.૦૮-૦૩-૨૦૨૧ના પત્ર અન્વયે અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃતિ યોજનામાં વ્યવસ્થિત ફોર્મ ભરે અને બેન્ક એકાઉન્ટની વિગતો સાચી ભરાવવાની કામગીરી કરાવવી. જે વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ મેળવવામાં મુશ્કેલી પડે છે તેમનું શાળા કક્ષાએથી નિરાકરણ કરવાનું રહેશે. તેમજ વિદ્યાર્થીઓના બેન્ક એકાઉન્ટ બંધ થયેલ હોય તો બંધ થયેલ એકાઉન્ટ પુનઃજીવીત કરી વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ યોજનાનો લાભ મળે તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે. આ સાથે સામેલ સંદર્ભિત પત્રને ધ્યાને લઇ તમામ મુખ્ય શિક્ષકશ્રીઓએ સમયમર્યાદામાં વિદ્યાર્થીઓના બેન્ક એકાઉન્ટ અંગેની કરવાની રહેશે. જેની નોંધ લેશો.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૨૨-૦૩-૨૦૨૧

ડૉ. એલ. ડી. દેસાઈ

શાસનાધિકારી

ક્રમાંક:પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૧/૨૩૫૬-૨૫૭૪
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં- ૧૨/૧, ડો. જીવરાજ મહેતા ભવન,
ગુ. રા. ગાંધીનગર. તા. ૧૮/૦૩/૨૦૨૧

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષય:- Digital Gujarat Portal પર SC / ST / SEBC /EBC/ NT-DNT/ Minority જ્ઞાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃતિ યોજનાનો અમલ કરવા બાબત.

સંદર્ભ:- શિક્ષણ વિભાગનો પત્ર ક્રમાંક:- બજટ/૨૦૨૦૨૧/૧૨૬/વ તા. ૧૫/૦૩/૨૦૨૧

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનુ કે, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના તા. ૦૮/૦૩/૨૦૨૧ ના પત્ર અન્વયે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃતિ યોજનામાં વ્યવસ્થિત ફોર્મ ભરે અને બેંન્ક એકાઉન્ટની વિગતો સાચી ભરે તે જોવા માટે આચાર્યશ્રીને સૂચના આપવાની રહેશે. તેમજ જે જિલ્લામાં શિષ્યવૃતિ મેળવવામાં જે મુશ્કેલી પડે છે તેમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તથા શાળાઓના આચાર્યશ્રી કક્ષાએ નિરાકરણ લાવી વિદ્યાર્થીઓને સરળતાથી શિષ્યવૃતિ મળી જાય તે મુજબનું આયોજન કરવાનું રહેશે. જે વિદ્યાર્થીઓના બેન્ક એકાઉન્ટ બંધ થયેલ હોય તો બંધ થયેલ બેન્ક એકાઉન્ટ પુનઃ જીવીત કરી વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ યોજનાનો લાભ મળે તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે. તેમજ શિષ્યવૃતિ યોજનામાં પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ શિષ્યવૃતિ યોજનાના લાભ લેવામાં વંચિત ન રહે તેની ખાસ કાળજી લેવાની રહેશે. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને શરૂઆતના તબકકામાં (ધોરણ- ૧ અને ૨ માં) જ જાતિ પ્રમાણપત્ર મળી જાય જેથી આગળના ભણતરના સમયે અવરોધ ન થાય તે રીતે આયોજન કરવાનું રહેશે. સદર બાબતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની બેઠકોમાં જિલ્લાના સમાજ કલ્યાણ અધિકારી/જિલ્લા નાયબ નિયામકશ્રી (અ.જા.) ને ઉપસ્થિત રાખવાના રહેશે.

ઉક્ત બાબતે સમયમર્યાદામાં વિદ્યાર્થીઓના બેન્ક એકાઉન્ટ અંગેની કામગીરીનું આયોજન કરવાનું રહેશે. સંદર્ભિત પત્રને ધ્યાને લઇ આ અંગે આપના હસ્તકની તમામ પ્રાથમિક શાળાઓને આપની કક્ષાએથી જરૂરી સુચના આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણ:- સંદર્ભિત પત્ર

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

નકલ રવાના જાણ સારૂ . .

- શ્રી મૌતિકા શાહ, નાયબ સચિવશ્રી (બજેટ), વ- શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, ક- શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર તરફ જાણ સારૂ.

Scanned by CamScanner

ક્રમાંક:બજટ/૨૦૨૦૨૧/૧૨૬/વ

શિક્ષણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર

તા.૧૫-૦૩-૨૦૨૧

પ્રતિ,

(૧) સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન સેકટર-૧૭, ગાંધીનગર
(૨) નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ,કર્મયોગી ભવન, બ્લોક-૨/૬ઠ્ઠો માળ,ગાંધીનગર
(૩) નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ, બ્લોક-૧૨, ડો.જી.મ.ભવન,ગાંધીનગર
(૪) નિયામકશ્રી, શાળાઓ, બ્લોક-૯, ડો.જીવરાજ મહેતા ભવન,ગુ.રા.ગાંધીનગર
(૫) કમિશનરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના, બ્લોક-૧૪,ડો.જીવરાજ મહેતા ભવન,ગુ.રા.ગાંધીનગર
(૬) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક-૧૨, ડો.જી.મ.ભવન,ગાંધીનગર
(૭) નિયામકશ્રી, જીસીઇઆરટી, સેકટર-૧૨,ગાંધીનગર

વિષયઃ- માન.મંત્રીશ્રી(સા.ન્યાય) ના અધ્યક્ષપદે તા.૪/૧/૨૦૨૧ના રોજ યોજયેલ બેઠકની કાર્યવાહી નોંધ બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, તા.૪/૧/૨૦૨૧ના રોજ માન.મંત્રીશ્રી(સા.ન્યાય)ના અધ્યક્ષપદે અનુ.જાતિ પેટાયોજના(SCSP)માં ૭%મુજબ જોગવાઇ કરવા અને ખર્ચની સમીક્ષા બેઠક મળેલ હતી. તે બેઠકની કાર્યવાહી નોંધ સા.ન્યાય અને અધિ.વિભાગના તા.૮/૩/૨૦૨૧ના પત્રથી મોકલી આપેલ છે.(સામેલ છે.)

ઉક્ત કાર્યવાહીમાં જણાવ્યા મુજબ

(૧) અનુ.જાતિના વધુ વિદ્યાર્થીઓ હાયર અને ટેકનીકલ શિક્ષણ ક્ષેત્રે પોતાની કારકિર્દી બનાવે, અનુ.જાતિના વિદ્યાર્થીઓનો સ્કોપ વધે તેવા પ્રયત્નો કરવા અને જુદી જુદી યોજનાઓની અમલવારી કરવાનું સૂચન કરેલ છે.

(૨) અનુ.જાતિના વિદ્યાર્થીઓ સ્કોલરશીપની યોજનામાં વ્યવસ્થિત ફોર્મ ભરે અને બેન્ક એકાઉન્ટની વિગતો સાચી ભરે તે જોવા માટે આચાર્યને સૂચના આપવા જણાવેલ છે. તેમજ સ્કોલરશીપ મેળવવામાં જે જિલ્લાઓમાં મુશ્કેલીઓ પડે છે તેના દરેક જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી તથા શાળાઓના આચાર્ય લેવેલે નિરકારણ લાવી વિદ્યાર્થીઓને સરળતાથી સ્કોલરશીપ મળે તે મુજબનું આયોજન કરવા સૂચન કરી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જિલ્લા શિક્ષણાધિકારીઓની બેઠકમાં જિલ્લાના સમાજ કલ્યાણ અધિકારી/જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.)ને ઉપસ્થિત રાખવાનું સૂચન કરેલ છે.

Scanned by CamScanner

(૩) અનુ.જાતિના બાળકોને શરૂઆતના તબકકામાં (ધોરણ-૧ અથવા ધોરણ-૨માં) જ જાતિ પ્રમાણપત્ર મળી જાય જેથી આગળના ભણતરના સમયે અવરોધ ન થાય તે રીતે આયોજન કરવા માટે પરિપત્ર બહાર પાડવા જણાવેલ છે.

(૪) આશ્રમશાળા અને આદર્શ નિવાસી શાળાઓમાં ૬૪ જેટલા શિક્ષકોની ઘટ હોઇ ત્યાં શિક્ષકોની ભરતી કરી શિક્ષકો ફાળવવા જણાવેલ છે.

(૫) અનુ.જાતિના વિદ્યાર્થીઓ ધોરણ-૮ થી ૯, ધોરણ-૯ થી ૧૦, ધોરણ-૧૧ થી ૧૨ અને ધોરણ-૧૨ થી કોલેજ સુધીમાં ડ્રોપ આઉટ ખુબજ વધારે હોવાથી યોગ્ય પગલાં લઇ ડ્રોપ આઉટ ઓછું થાય તેવું આયોજન કરવા જણાવેલ છે.

(૬) અનુ.જાતિના શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે નવી યોજનાઓ બહાર પાડી લાભ આપવા સૂચન કરેલ છે.

કરેલ કાર્યવાહીની જાણ અત્રે તથા સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગને કરવા વિનંતી છે.

બિડાણ: ઉપર મુજબ

આપની વિશ્વાસુ,

(મૌલિકા શાહ)
નાયબ સચિવ(બજેટ)
શિક્ષણ વિભાગ

નકલ જાણ અર્થે રવાના:

સેકશન અધિકારીશ્રી ક-શાખા, સામાજીક ન્યાય અને અધિ. વિભાગ,સચિવાલય,ગાંધીનગર

Scanned by CamScanner

તા.૦૮/૦૧/૨૦૨૧ ના રોજ ૧૧.૦૦ કલાકે, તાપી ખંડ, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર ખાતે માન.મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અધ્યક્ષસ્થાને યોજાયેલ અનુસૂચિત જાતિ પેટા યોજના(SCSP)માં ૭% મુજબ જોગવાઇ અને ખર્ચની સમીક્ષા બેઠકની કાર્યવાહી નોંધ

માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની અધ્યક્ષતામાં તા.૦૮/૦૧/૨૦૨૧ ના રોજ અનુસૂચિત જાતિ પેટા યોજના(SCSP)માં ૭% જોગવાઇ અને ખર્ચની બધા વિભાગોની સમીક્ષા બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં અનુસૂચિત જાતિ પેટા યોજનાને સબંધિત તમામ વિભાગના અધિકારીશ્રીઓ અને તેમના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા તમામ વિભાગના અધિકારીશ્રીઓ અને તેમના પ્રતિનિધિઓને આવકારી બેઠક શરૂ કરવામાં આવી.

માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા આયોજન પંચ, નવી દિલ્હીના તા.૧૮/૦૬/૨૦૧૪ ના પત્ર ક્રમાંક: M-૧૧૦૧૨/૦૩/૨૦૧૩ S.J & S.W થી અનુસૂચિત જાતિ પેટા યોજનાના અમલીકરણ માટે આપવામાં આવેલ સુધારેલ માર્ગદર્શિકા મુજબ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૧૭/૧૨/૨૦૧૫ના પત્ર ક્રમાંક:MIS/102015/UO/12/J માં આપેલ માર્ગદર્શન મુજબ હાજર રહેલ અધિકારીશ્રીઓને માર્ગદર્શન આપ્યુ અને ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિની વસ્તી અંદાજે ૬.૭૪% હોઇ તે મુજબ અનુસૂચિત જાતિ પેટા યોજના(S.C.S.P) સાથે સંકળાયેલા વિભાગોએ તેમના વિભાગની યોજનાઓમાં ઓછામાં ઓછા ૭% કરતા પણ વધારે પ્રમાણમાં જોગવાઇ કરવા અને જોગવાઇ મુજબ અનુ.જાતિ પેટા યોજના અંતર્ગત ૧૦૦% ખર્ચ કરવા જણાવ્યું.

વર્ષ ૨૦૨૦-૨૧માં અમુક વિભાગોની અનુસૂચિત જાતિ પેટા યોજનાની જોગવાઈ એ કુલ અંદાજપત્રીય જોગવાઈના ૭ ટકા કરતા ઓછી હોવાનું માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ધ્યાને આવ્યું. માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા આ વિભાગોને તેમની અનુસૂચિત જાતિ પેટા યોજનાની જોગવાઈ ૭ ટકા કરતા વધારે કરવા માટે જણાવવામાં આવ્યુ અને આ જોગવાઈનો પુરેપુરો ખર્ચ થાય તે માટે જોવા પણ જણાવ્યું. ત્યારબાદ વિભાગવાર સમીક્ષા હાથ ધરવામાં આવી.

<u>નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગઃ-</u>

નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧માં બજેટની કુલ જોગવાઈ રૂ.૧૨૯૮૫.૬૧ કરોડ સામે ૭ ટકા પ્રમાણે રૂ.૯૦૮.૯૯ કરોડ જોગવાઈ કરવાની થતી હતી. પરંતુ વિભાગ દ્વારા ખરેખર કરેલ જોગવાઈ રૂ.૩૦૯.૭૦ કરોડ છે જેની કુલ જોગવાઈ સામે ટકાવારી ૨.૩૮ ટકા થાય છે જે ૭ ટકા કરતાં ઓછી છે.

અધિક મુખ્ય સચિવશ્રી દ્વારા સુચવવામાં આવેલ કે અનુ.જાતિની ૫૦ થી પણ ઓછી વસ્તી ધરાવતા ગામોમાં વ્યક્તિદીઠ ઘેર ઘેર નળ કનેકશન આપી પાણી પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવે તેમજ વાસ્મો દ્વારા સૂચના આપવામાં આવે કે અનુ.જાતિના દરેક મહોલ્લામાં પ્રેશરપૂર્વકનું પાણી પહોંચાડી

Scanned with CamScanner

Scanned by CamScanner

જોગવાઈ રૂ.૪૫.૭૯ કરોડ છે જેની કુલ જોગવાઈ સામે ટકાવારી ૬.૧૯ ટકા થાય છે જે ૭ ટકા કરતાં ઓછું છે.

વન અને પર્યાવરણ વિભાગ હસ્તક વર્ષ ૨૦૨૦-૨૧ માં અનુ.જાતિ પેટા યોજના(SCSP) અંતર્ગત અધિક મુખ્ય સચિવશ્રી દ્વારા વન અને પર્યાવરણ વિભાગની યોજનામાં જે મર્યાદા રાખવામાં આવી છે તે મર્યાદા અનુ.જાતિના લોકો માટે ન રાખવા તથા અનુ.જાતિના લોકો માટે દરેક તાલુકામાં વન કુટીરની રચના કરવાનું સુચન કરવામાં આવ્યુ. અનુ.જાતિના ખેડુતોને રોપા મફત આપવા અને નર્સરી બનાવવા તાલીમ આપવા સૂચન કરવામાં આવ્યું.

માન.મંત્રીશ્રી દ્વારા સુચન કરવામાં આવ્યુ કે, વર્ષ-૨૦૨૧-૨૨ની યોજનામાં ૭% થી પણ વધુ અનુ.જાતિના લાભાર્થીઓની ટકાવારી મળે તથા તેમને વન અને પર્યાવરણ વિભાગની યોજનામાં વધુમાં વધુ લાભ મળે તે માટે નવી યોજનાઓ ઘડવાનું આયોજન કરવા તેમજ વર્ષ ૨૦૨૧-૨૨ માં વધારે જોગવાઇ કરવા સુચન કર્યુ.

વન અને પર્યાવરણ વિભાગના હાજર અધિકારીશ્રી દ્વારા અનુ.જાતિના લાભાર્થીઓને સામાન્ય લાભાર્થીઓ કરતાં વધુ લાભ તેમજ વર્ષ-૨૦૨૧-૨૨ માં વધારે જોગવાઇ કરવા ખાત્રી આપવામાં આવી.

શિક્ષણ વિભાગ

શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧માં બજેટની કુલ જોગવાઈ રૂ.૫૫૪૬.૪૪ કરોડ સામે ૭ ટકા પ્રમાણે રૂ. ૩૮૮.૨૫ કરોડ જોગવાઈ કરવાની થતી હતી. પરંતુ વિભાગ દ્વારા ખરેખર કરેલ જોગવાઈ રૂ.૫૩૧.૮૧ કરોડ છે જેની કુલ જોગવાઈ સામે ટકાવારી ૯.૫૯ ટકા થાય છે.

શિક્ષણ વિભાગ હસ્તક વર્ષ-૨૦૨૦-૨૧ માં અનુ.જાતિ પેટા યોજના(SCSP) અંતર્ગત અધિક મુખ્ય સચિવશ્રી દ્વારા અનુસુચિત જાતિના વધુ વિદ્યાર્થીઓ હાયર અને ટેકનિકલ શિક્ષણ ક્ષેત્રે પોતાની કારકિર્દી બનાવે, અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓનો સ્કોપ વધે તેવા પ્રયત્નો તથા જુદી જુદી યોજનાઓની અમલવારી કરવાનું સુચન કરવામાં આવ્યુ.

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ સ્કોલરશીપની યોજનામાં વ્યવસ્થિત ફોર્મ ભરે અને બેન્ક એકાઉન્ટની વિગતો સાચી ભરે તે જોવા માટે આચાર્યને સૂચના આપવા જણાવ્યું તેમજ સ્કોલરશીપ મેળવવામાં જે જિલ્લાઓમાં મુશ્કેલીઓ પડે છે તેના દરેક જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી તથા શાળાઓના આચાર્ય લેવલે નિરાકરણ લાવી વિદ્યાર્થીઓને સરળતાથી સ્કોલરશીપ મળી જાય તે મુજબનું આયોજન કરવા સુચન કરવામાં આવ્યુ. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારીની બેઠકોમાં જિલ્લાના સમાજ કલ્યાણ અધિકારી/ જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.)ને ઉપસ્થિત રાખવાની સૂચના આપવા જણાવ્યું.

અધિક મુખ્ય સચિવશ્રી દ્વારા અનુ.જાતિના બાળકોને શરૂઆતના તબક્કામાં(ધોરણ-૧ અથવા ૨ માં) જ જાતિ પ્રમાણપત્ર મળી જાય જેથી આગળના ભણતરના સમયે અવરોધ ન થાય તે રીતે આયોજન કરવા માટે પરિપત્ર બહાર પાડવાનું સૂચવવામાં આવ્યું.

Scanned by CamScanner

આશ્રમશાળા અને આદર્શ નિવાસી શાળાઓમાં ૬૪ જેટલા શિક્ષકોની ઘટ હોઈ ત્યાં શિક્ષકોની ભરતી કરી શિક્ષકો ફાળવવા તેમજ અનુ.જાતિના વિદ્યાર્થીઓમાં ધોરણ-૮ થી ૯, ધો.૯ થી ૧૦, ધો.૧૧ થી ૧૨ અને ધો.૧૨ થી કોલેજ સુધીમાં ડ્રોપ-આઉટ ખુબ જ વધારે હોવાથી શિક્ષણ વિભાગે યોગ્ય પગલા લઇ ડ્રોપ-આઉટ ઓછુ થાય તેવું આયોજન કરવા તથા અનુ.જાતિના વિદ્યાર્થીઓ શિક્ષણમાં કેટલા વર્ષ અને અવરોધ વગર અભ્યાસ કરે છે તેવા પ્રયત્નો કરવા સૂચન કરવામાં આવ્યુ.

અનુ.જાતિના શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે નવી યોજનાઓ બહાર પાડી લાભ આપવા સૂચન કરવામાં આવ્યુ.

શિક્ષણ વિભાગના હાજર અધિકારીશ્રીએ અનુ.જાતિ પેટા યોજના(SCSP) અંતર્ગત વર્ષ-૨૦૨૧-૨૨માં વધારે જોગવાઇ કરવા ખાત્રી આપવામાં આવી.

**<u>ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગઃ-</u>**

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧માં બજેટની કુલ જોગવાઈ રૂ.૧૩૩૭૨.૬૬ કરોડ સામે ૭ ટકા પ્રમાણે રૂ.૯૩૬.૦૯ કરોડ જોગવાઈ કરવાની થતી હતી. પરંતુ વિભાગ દ્વારા ખરેખર કરેલ જોગવાઈ રૂ.૧૩.૨૧ કરોડ છે જેની કુલ જોગવાઈ સામે ટકાવારી ૦.૧૦ ટકા થાય છે જે ૭ ટકા કરતાં ખૂબ જ ઓછી છે.

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ હસ્તક વર્ષ ૨૦૨૦-૨૧ માં અનુ.જાતિ પેટા યોજના(SCSP) અંતર્ગત અધિક મુખ્ય સચિવશ્રી દ્વારા સમરસ છાત્રાલયો, સરકારી છાત્રાલયો તથા આદર્શ નિવાશી શાળાઓમાં તથા ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો તથા આશ્રમશાળાઓમાં સરળતાથી ગેસ કનેકશન મળી જાય તેવું સુચન કરવામાં આવ્યુ.

ગત વર્ષે આંબેડકર ઉદય વિકાસ યોજના અંતર્ગત અનુ.જાતિના લોકોને વધારે લાભ મળે તે અંગે આયોજન કરવા, અનુ.જાતિના સરકારી છાત્રાલય, ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલય, આશ્રમશાળા વગેરેને વીજ બીલમાં સબસીડી આપવા, ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલય, આશ્રમશાળાઓને કોર્મશિયલ બદલે રેસીડેન્સીયલ વીજ બીલ આપવા, સોલર લાઈટ તથા ગરમ પાણી માટે વોટર હીટર સીસ્ટમ લગાવવાં, અનુસૂચિત જાતિના અરજદારને પેટ્રોલ, ડીઝલ કે સી.એન.જી. પંપ સ્થાપવા હોય તો જમીન ખરીદી માટે ૪ ટકા વ્યાજે લોન અને સબસીડી આપવા, તથા ગ્રામ્ય વિસ્તારમાં ગેસ કનેકશનના કામોની કામગીરી ઝડપથી થાય તેવી કાર્યવાહી કરવા તથા ગેસ કનેકશન આપતી વખતે મહાનગરપાલિકામાં વળતર ચુકવવામાં આવે છે તેવી રીતે ગ્રામ પંચાયતમાં પણ જલ્દીથી વળતર ચૂકવવાના માન.મંત્રીશ્રી દ્વારા કરવામાં આવેલ સૂચનોનું અમલીકરણ કરવા સૂચન કરવામાં આવ્યુ.

GEDA દ્વારા સોલાર લાઇટ, સોલાર વોટર હિટર, સોલાર પેનલ જેવા કનેકશનો સમરસ છાત્રાલયો, સરકારી છાત્રાલયો તથા આદર્શ નિવાશી શાળાઓમાં તથા ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો તથા આશ્રમશાળાઓમાં સરળતાથી લગાવી આપવા તથા બજેટમાં આ અંગેની જોગવાઇ કરવા સુચન કરવામાં આવ્યુ.

Scanned with CamScanner

Scanned by CamScanner

ક્લાઇમેન્ટ ચેઇન્જ વિભાગ હસ્તક વર્ષ ૨૦૨૦-૨૧ માં અનુ.જાતિ પેટા યોજના(SCSP) અંતર્ગત... અધિક મુખ્ય સચિવશ્રી દ્વારા અનુસૂચિત જાતિના સરકારી છાત્રાલયો, આદર્શ નિવાસી શાળાઓ, આશ્રમશાળાઓ ખાતે સોલાર વોટર હિટર મુકવા સૂચન કરવામાં આવ્યુ. તેમજ અનુ.જાતિના લોકો વસવાટ કરતા હોય ત્યાં સોલાર સ્ટ્રીટ લાઇટ, રહેણાંકોમાં સોલાર લાઇટ, સોલાર હિટર તેમજ ખેડુતોને કુવા, ટ્યુબવેલ, બોરવેલ પર સોલાર પંપની સુવિધા માટે ૧૦૦% સહાય આપવા તેમજ નાણા વિભાગ સાથે સંકલન કરી વર્ષ-૨૦૨૧-૨૨ માં ગ્રાન્ટની માંગણી કરવા અને મંજુરી લેવા માટે જણાવવામાં આવ્યુ.

ક્લાઇમેન્ટ ચેઇન્જ વિભાગના હાજર અધિકારીશ્રી દ્વારા જણાવવામાં આવ્યુ કે, જે યોજનાઓ ચાલે છે તેમાં અનુ.જાતિના લાભાર્થીઓને સામાન્ય લાભાર્થીઓ કરતા વધુ લાભ આપવામાં આવે છે. અનુ.જાતિ પેટા યોજના(SCSP) અંતર્ગત વર્ષ-૨૦૨૧-૨૨ જોગવાઇ કરવામાં ખાત્રી આપી.

ઉક્ત વિગતે ચર્ચા પૂર્ણ કરી બેઠકમાં ઉપસ્થિત માન.મંત્રીશ્રી(સા.ન્યા.), અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.) તેમજ તમામ અધિકારીશ્રીઓનો આભાર વ્યકત કરી બેઠકની કાર્યવાહી પુર્ણ થયેલ જાહેર કરવામાં આવી.

-સહી-
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

---

ક્રમાંક: SCSP-૧૧૨૦૨૦-૯૯૯-૬
ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા.૦૮/૦૩/૨૦૨૧

(ભૂમિકા એચ. પટેલ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી, સબંધિત વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(રોસ્ટર, સમાજ સુરક્ષા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
- નિયામકશ્રી(અજાક), ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી(સમાજ સુરક્ષા), ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૧

Scanned by CamScanner